તંત્રની મીઠી નજર હેઠળ ખનન માફિયાઓનો આતંક | એક તળાવની મંજૂરી સામે આખું ગામ ખોદી નંખાયું

# મહુધાના ડડુસરમાં 'સુજલામ સુફલામ' યોજનાની આડમાં માટીચોરીનો ખેલ!

**ગામમાં** 100થી વધુ વાહનો દ્વારા રાત-દિવસ બેફામ ખોદકામ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

મહુધા તાલુકાના ડડુસર ગામે સરકારની લોકકલ્યાણકારી 'સુજલામ સુફલામ' યોજનાનો દુરુપયોગ કરીને ખનન માફિયાઓએ માટીચોરીનો કાળો કારોબાર શરૂ કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, તંત્ર દ્વારા માત્ર એક જ તળાવ ઊંડું કરવાની મંજૂરી અપાઈ હોવા છતાં, માફિયાઓ દ્વારા આસપાસના અન્ય તળાવોમાં પણ મંજૂરી વગર રાત-દિવસ બેફામ ખોદકામ કરવામાં આવી રહ્યું છે. ગ્રામજનો દ્વારા વારંવારની લેખિત અને મૌખિક રજૂઆતો છતાં ભ્રષ્ટ અધિકારીઓએ મૌન સેવી લીધું હોય તેમ જણાય છે.

મહુધાના ડડુસર ગામમાં ચાલી રહેલી આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં માફિયાઓએ મસમોટી મશીનરી ઉતારી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થળ પર અંદાજે 70 જેટલા ટ્રેક્ટર, 40 ટરબા, 4 જેસીબી અને 2 હિટાચી મશીન ચોવીસ કલાક માટી ખોદવા અને વહન કરવાનું કામ કરી રહ્યા છે. આટલા મોટા પાયે થઈ રહેલા ખનન છતાં ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ આ તરફ ફરકવાની તસ્દી પણ લેતા નથી, જે અધિકારીઓ અને માફિયાઓ વચ્ચેની સાંઠગાંઠ તરફ આંગળી ચીંધે છે.

અહીં નિયમોને નેવે મૂકીને કરવામાં આવેલા ઊંડા ખોદકામને કારણે ગામના તળાવોનું કુદરતી સ્વરૂપ નષ્ટ પામ્યું છે. ઠેર-ઠેર પડી ગયેલા મોટા ખાડાઓ આગામી ચોમાસામાં જોખમી સાબિત થઈ શકે છે. પાણી ભરાવાને કારણે અકસ્માત સર્જાવાની અને નિર્દોષ પશુ-પક્ષી કે માનવીના જીવ જવાની પૂરેપૂરી શક્યતા છે.

### જિલ્લામાં બિલ્ડરોને માટી વેચવાનું મોટું કૌભાંડ

ખેડા જિલ્લામાં કુલ 18 જેટલા તળાવો સુજલામ સુફલામ યોજના હેઠળ અપાયા છે, જેમાંથી સૌથી વધુ 5 તળાવો કપડવંજ તાલુકામાં છે. આ યોજનાની આડમાં બિલ્ડરો સાથે સેટિંગ કરી તેમની બાંધકામ સાઇટો માટે માટી વેચીને કાળી કમાણી કરવામાં આવી રહી છે. આ જ 'મોડસ ઓપરેન્ડી'થી સમગ્ર જિલ્લામાં ગેરકાયદેસર વેપલો ધમધમી રહ્યો છે.

### યાત્રાધામ ડાકોરમાં દબાણ અને ટ્રાફિકની 'માયાજાળ': ભક્તો હેરાન-પરેશાન



સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં દરરોજ હજારોની સંખ્યામાં ઉમટતા ભક્તો ભગવાનના દર્શન પહેલા ટ્રાફિક અને દબાણની સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે. મંદિર તરફ જતા મુખ્ય માર્ગો પર સ્થાનિક દુકાનદારોએ પોતાનો સામાન રસ્તા પર ફેલાવી દેતા રસ્તાઓ અત્યંત સાંકડા બન્યા છે. અહીં પાર્કિંગની યોગ્ય જગ્યા ન મળતા સ્થાનિકો અને વાહનચાલકો રસ્તાની વચ્ચે જ ટુ-વ્હીલર અને કાર જેવા વાહનો આડેધડ પાર્ક કરી દે છે, જેના કારણે સતત ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જે માર્ગ પર પોલીસ સ્ટેશન આવેલું છે, ત્યાં જ આ ગેરકાયદે દબાણો અને ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડી રહ્યા છે. પોલીસ સ્ટેશનની એકદમ નજીક હોવા છતાં તંત્ર દ્વારા આ આડેધડ પાર્કિંગ સામે કોઈ જ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી.

## ડાકોર: વકીલના મકાનમાંથી રૂ.૨.૬૮ લાખની ચોરી થઈ

**પરિવાર** લગ્નતિથિની ઉજવણી માટે વડોદરા ગયો અને તસ્કરોએ હાથફેરો કર્યો

(પ્રતિનિધિ) ડાકોર તા.૩૧

ડાકોરમાં તસ્કરોએ તરખાટ મચાવતા વકિલના બંધ મકાનમાંથી કુલ ૨.૬૮ લાખની મત્તાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે.

મુળ ડાકોરના વતની અને હાલ વડોદરાના ભાયલીમાં રહેતા વકીલ વિનયકુમાર જોષી ગત ૨૩મી મેના રોજ પોતાની મેરેજ એનિવર્સરીની ઉજવણી કરવા માટે પરિવાર સાથે ડાકોર આવ્યા હતા. બાદમાં ૨૪ મેના રોજ તેઓ મકાન લોક કરી પરત વડોદરા ગયા હતા. ૨૮મી મેના રોજ સાંજે જ્યારે સફાઈ માટે હિનાબેન રાવળ ત્યાં આવ્યા, ત્યારે ઘરનો આગળનો દરવાજો ખુલ્લો જોઈ તેમણે પડોશીને જાણ કરી હતી. પડોશી દ્વારા જાણ કરાતા જોષી પરિવાર તાત્કાલિક ડાકોર દોડી આવ્યો હતો.

તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે, તસ્કરોએ ઘરના આગળના લાકડાના દરવાજા અને જાળીનું લોક તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ બે તિજોરીઓના ખાના તોડી તેમાંથી ૨ લાખની રોકડ, અંદાજે ૬ તોલાથી વધુ સોનાના દાગીના, ચાંદીના ઝાંઝર તેમજ ૫૦૦ કેનેડિયન ડોલર (ભારતીય ચલણ મુજબ ૩૦,૦૦૦) મળી કુલ ૨,૬૮,૦૦૦ની ચોરી કરી હતી.આ સમગ્ર મામલે વિનયકુમાર જોષીએ અજાણ્યા તસ્કરો સામે ડાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને તસ્કરોને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

'હું પોલીસમાં છું, મારું કોઈ કંઈ નહીં બગાડી શકે' તેમ કહી પતિએ પત્નીને ત્રાસ આપ્યો

## સંતરામપુરમાં પોલીસ કોન્સ્ટેબલ પતિએ દહેજ માટે પત્નીને માર માર્યો

**મહીસાગર** મહિલા પોલીસમાં કોન્સ્ટેબલ સહિત સાસરિયાં સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૩૧

સંતરામપુર તાલુકાની એક પરિણીતાએ તેના પોલીસ કોન્સ્ટેબલ પતિ અને સાસરિયાંઓ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ તેમજ દહેજની માંગણી અંગે મહીસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. લગ્નના ગણતરીના મહિનાઓમાં જ સાસરિયાંઓએ દહેજ પેટે ૭.૫૦ લાખ રૂપિયાની માંગણી શરૂ કરી પરિણીતાને પરેશાન કરવાનું શરૂ કર્યું હતું.

સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામની વિરાજબેન શક્તિસિંહ જોધ્યાના લગ્ન ૧૦ મે ૨૦૨૫ના રોજ શક્તિસિંહ ભૂપેન્દ્રસિંહ જોધ્યા સાથે થયા હતા. શક્તિસિંહ હાલ અમદાવાદના શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટરમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. લગ્નના થોડા જ સમય બાદ સાસુ નયનાબેન, સસરા ભૂપેન્દ્રસિંહ અને નણંદ સ્નેહલબા દ્વારા નાની-નાની બાબતોમાં મેણા-ટોણા મારીને દહેજ પેટે સાડા સાત લાખ રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી.

આ ફરિયાદમાં જણાવ્યા મુજબ, પરિણીતા જ્યારે આ ત્રાસનો વિરોધ કરતી ત્યારે પોલીસ કોન્સ્ટેબલ પતિ શક્તિસિંહ તેને ઢોર માર મારતો હતો. પતિ પોતાના હોદ્દાનો રૂઆબ દેખાડી અવારનવાર ધમકી આપતો હતો કે, "હું પોલીસમાં છું, તું મારા વિરુદ્ધ ગમે તેટલી ફરિયાદો કર, મારું કોઈ કંઈ બગાડી શકશે નહીં. આ ત્રાસમાં અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતી નણંદ સ્નેહલબા પણ પતિને સતત ચઢામણી કરી પરિણીતાને માનસિક ત્રાસ આપવામાં સાથ આપતી હતી.

આ ઘટનાની ગંભીર વિગતો મુજબ, ગત ૪ મે ૨૦૨૬ના રોજ એક પાર્ટીમાંથી પરત ફરતી વખતે પતિએ પત્નીને સ્પીડમાં બાઈક ચલાવવાનું કહેતા પત્નીએ ડરના માર્યા ના પાડી હતી. આ સામાન્ય બાબતે ઉશ્કેરાઈ ગયેલા કોન્સ્ટેબલ પતિએ રસ્તામાં જ ગાળાગાળી કરી ઘરે જઈ પત્નીને ઢોર માર માર્યો હતો. બાદ પરિણીતાને તેના પિયર ગોઠીબ ખાતે મોકલી દેવામાં આવી હતી. પિયર પક્ષ દ્વારા સમાધાનના પ્રયાસો કરવા છતાં સાસરિયાંઓએ ૭.૫૦ લાખની રોકડ વગર પત્નીને સ્વીકારવાની ના પાડી દીધી હતી. અંતે પરિણીતાએ પતિ શક્તિસિંહ ભૂપેન્દ્રસિંહ જોધ્યા સહિત ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ આપતા મહિસાગર મહિલા પોલીસે ગુનો નોંધ્યો હતો.

## આંકલાવના રામપુરામાં ૪ પશુ પર વાનરે હુમલો કર્યો

**રામપુરા** ગામ અને સીમ વિસ્તારમાં ભારે ભય અને ફફડાટ વ્યાપ્યો

(પ્રતિનિધિ) આંકલાવ તા.૩૧

આંકલાવ તાલુકાના રામપુરા ગામની સીમમાં અચાનક એક વાનરે આતંક મચાવતાં સમગ્ર પંથક ભયભીત થઈ ગયો છે. સીમ વિસ્તારમાં હિંસક બનેલા વાનરે ધમાલ મચાવીને ત્યાં હાજર ૪ જેટલા પશુઓ પર હુમલો કર્યો હતો અને તેમને બચકા ભરી લીધા હતા. આટલેથી ન અટકતા, આ કપિરાજે ત્યાં હાજર એક નાની બાળકીને બચકાં ભરી ગંભીર ઈજાઓ પહોંચાડી.હતી. વાંદરાના આ અચાનક થયેલા હિંસક હુમલાને પગલે બાળકી લોહીલુહાણ થઈ ગઈ હતી અને બૂમાબૂમ મચી ગઈ હતી.

બાળકી પર થયેલા આ હુમલાને પગલે સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને તેને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડી હતી. હુમલો એટલો ગંભીર હતો કે સારવાર દરમિયાન ડૉક્ટરોએ બાળકીને શરીરના ભાગે ૮ જેટલા ટાંકા લેવા પડ્યા હતા. આ ઘટનાને પગલે રામપુરા ગામ અને સીમ વિસ્તારમાં ભારે ભય અને ફફડાટનો માહોલ સર્જાયો છે, તેમજ ગ્રામજનોમાં પણ પોતાના બાળકો અને પશુઓની સુરક્ષાને લઈને ભારે ચિંતા વ્યાપી ગઈ છે.

સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનો દ્વારા આ હિંસક વાનરના આતંક અંગે વન વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદમાં વિશ્વ તમાકુ મુક્ત દિવસની ઉજવણી અન્વયે જનજાગૃતિ રેલી, નાટક - શિબિરો યોજાઇ

**આણંદ** | આણંદ ડીડીઓ દેવાહૂતિ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પિયુષ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ એપેડેમીક મેડિકલ ઓફિસર ડો.રાજેશ પટેલના આયોજન દ્વારા તમામ સ્તરેથી આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિશ્વ તમાકુ મુક્ત દિવસ અંતર્ગત જનજાગૃતિ અર્થે કામગીરી કરવામા આવી હતી અને લોકોને તમાકુ મુક્ત થવા માટે આહવાન કરવામાં આવ્યુ છે. આ જનજાગૃતિ ઝુંબેશ હેઠળ જિલ્લાની તમામ તાલુકા હેલ્થ કચેરીઓ, ૫૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૧૪ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૮ અર્બન હેલ્થ સેન્ટરો અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો દ્વારા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.



### નડિયાદ શહેરના માતૃછાયા આશ્રમ ખાતે ઉનાળુ તાલીમ શિબિર સંપન્ન થઇ

**નડિયાદ** | નડિયાદના માતૃછાયા આશ્રમ ખાતે સિસ્ટર્સ ઓફ ચેરિટી ઓફ સેન્ટ એન દ્વારા આયોજિત વિવિધ સર્જનાત્મક અને તાલીમાત્મક કાર્યક્રમોનો તાજેતરમાં સફળતાપૂર્વક સમાપન સમારોહ યોજાયો હતો. આ શિબિરમાં મોટી સંખ્યામાં બાળકો અને યુવતીઓએ સ્પોકન ઈંગ્લિશ, મ્યુઝિક અને બ્યુટી પાર્લર જેવી વિવિધ રોજગારલક્ષી તાલીમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોને મોબાઇલના અતિરેક ઉપયોગથી દૂર રાખી તેમનામાં આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા અને સકારાત્મક જીવનમૂલ્યોનો વિકાસ કરવાનો રહ્યો હતો. પોલીસ ઇન્સ્પેક્ટર અને શિક્ષણ વિભાગના અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.

E-mail : gujmitraanand@gmail.com

મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.

E-mail : gujmitranadiad@gmail.com

### ડાકોર બ્રહ્માકુમારીઝ દ્વારા ૯૦મા વર્ષ નિમિત્તે ભક્તિ સંગીત અને રાસોત્સવનું આયોજન કરાયું



**ડાકોર** | આંતરરાષ્ટ્રીય બ્રહ્માકુમારી સંસ્થાની ૯૦ વર્ષની ગૌરવમય સેવા યાત્રા નિમિત્તે ડાકોરમાં ભક્તિ સંગીત અને રાસોત્સવનો પાવન અવસર ઉજવાયો હતો. આ પ્રસંગે સદાશિવભાઈ દવે અને શિવ નાદ ગ્રુપ દ્વારા સંગીત પીરસાયું હતું, જેમાં ૨૫થી વધુ સંતો-મહંતો અને અગ્રણીઓએ હાજરી આપી હતી. બ્ર.કુ. જાગૃતિબેને સંસ્થાનો આધ્યાત્મિક પરિચય આપ્યો હતો અને કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય અવસરમાં એક હજારથી વધુ ભાઈ-બહેનોએ રાસ-ગરબાની રમઝટ સાથે પવિત્ર વાતાવરણમાં આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો હતો.

### અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા 'મને પાનખરની બીક ન બતાવો' વિષય પર વક્તવ્ય યોજાયું



**આણંદ** | આણંદમાં પ્રમુખ જયંતીભાઈ શાહની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમમાં વક્તા વિપીનચંદ્ર પંડ્યાએ વૃદ્ધાવસ્થાને પાનખર ન ગણી નવા વિચારો અને સ્ફૂર્તિ સાથે શાનદાર રીતે જીવવાનો સંદેશ આપ્યો હતો. આ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્યથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં જાદવ પરિવારે ભોજન પ્રાયોજિત કરી જીવનમાં માતા-પિતાના અમૂલ્ય ફાળા વિશે પ્રાસંગિક વિચારો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે ક્લબના જન્મદિવસ ધરાવતા સભ્યોનું સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સભ્યો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

### કપડવંજ એસબીઆઈ મીના બજાર શાખા દ્વારા 'માય બ્રાન્ચ માય એમ્બેસેડર' કાર્યક્રમ યોજાયો

**કપડવંજ** | કપડવંજની એસબીઆઈ મીના બજાર શાખા ખાતે લાલભાઇ પી. વણકરના અધ્યક્ષસ્થાને 'માય બ્રાન્ચ માય એમ્બેસેડર' કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સુરક્ષિત બેન્કિંગ પ્રક્રિયા અંગે સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે શાખા પ્રબંધક રણજીત કુમાર શર્મા અને પંથકના અગ્રણીઓની ઉપસ્થિતિમાં વેલ્યુડ ગ્રાહકોએ બેંકની સેવાઓને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો અને ગ્રાહકોને શાખા પ્રબંધકના હસ્તે સ્મૃતિચિન્હો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.



### કપડવંજના કાશીપુરા ખાતે ક્ષત્રિય સમાજની નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ યોજાઈ

**કપડવંજ** | કપડવંજ તાલુકાના કાશીપુરામાં ઉમા ક્રિકેટ ગ્રાઉન્ડ પર ક્ષત્રિય સમાજ દ્વારા આયોજિત નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ રમાઈ હતી. આ પ્રસંગે કપડવંજ-કઠલાલના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાએ ઉપસ્થિત રહી વિજેતા અને રનર્સ અપ ટીમોને ટ્રોફી તથા ઇનામો એનાયત કર્યા હતા. ધારાસભ્યે ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા આ સુંદર આયોજન બદલ આયોજક મંડળને વિશેષ અભિનંદન પાઠવ્યા હતાં. આ. ટુર્નામેન્ટના સફળ સમાપન સાથે રમતગમતના વાતાવરણમાં સમગ્ર પંથકમાં ખુશીની લહેર જોવા મળી હતી.



### ઉમરેઠમાં અદાણી સિમેન્ટ અને રેડ ક્રોસ સોસાયટી દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



**ઉમરેઠ** | ઉમરેઠના ગુરુદત્તાત્રેય મંદિર હોલ ખાતે અદાણી સિમેન્ટ અને આણંદ જિલ્લા રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ભવ્ય રક્તદાન શિબિર યોજાઈ હતી. આ પ્રસંગે પાલિકા પ્રમુખ મીનાબેન પટેલ સહિતના મહાનુભાવોની હાજરીમાં શહેરના નાગરિકોએ માનવતાના કાર્યમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાળઝાળ ગરમી વચ્ચે પણ રક્તદાતાઓના ઉમદા સહયોગથી કુલ ૨૦ યુનિટ જેટલું રક્ત એકત્રિત કરવામાં સફળતા મળી હતી. રક્તદાન કરનાર દાતાઓ અને સ્વયંસેવકોનો આભાર માનવામાં આવ્યો હતો.

### ઉમરેઠમાં ૧૨૬ બાળકો માટેના ૧૫ દિવસીય નિ:શુલ્ક યોગ સમર કેમ્પનું યોજાયો



**ઉમરેઠ** | ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ ઉમરેઠની કાછીયા પટેલની વાડીમાં ૧૬ મે થી ૩૦ મે દરમિયાન બાળકો માટે વિશેષ યોગ શિબિર યોજાઈ હતી. આ કેમ્પમાં ૧૨૬ બાળકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમને હેતલબેન કાછિયા અને તેમની ટીમે શારીરિક તથા માનસિક વિકાસ માટે યોગની તાલીમ આપી હતી. આ સમાપન સમારોહમાં નગરપાલિકા પ્રમુખ મીનાબેન પટેલના હસ્તે તમામ સહભાગી બાળકોને પ્રોત્સાહક ભેટ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કાછીયા સમાજના અગ્રણીઓ અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમનો યોગ કોચ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### લુણાવાડામાં વિકાસ સંસ્થા બાવન પાટીદાર સમાજ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



**લુણાવાડા** | લુણાવાડામાં 'વિકાસ સંસ્થા બાવન પાટીદાર સમાજ' અને રેડક્રોસ સોસાયટી દ્વારા બ્લડ બેંકોમાં પ્રવર્તતી લોહીની અછત નિવારવા ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. ડો. આર. બી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં નિવાસી કલેક્ટર સી.વી. લટા અને ડીવાયએસપી જે.જી. ચાવડા સહિતના મહાનુભાવોએ રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. ભીષણ ગરમી અને વેકેશન હોવા છતાં યુવાનો અને મહિલાઓએ સ્વૈચ્છિક રીતે ૨૫૦થી વધુ બોટલ રક્તદાન કરી સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### આણંદની સેન્ટ સ્ટીફન ઇન્સ્ટિટ્યૂટનું બીસીએ સેમેસ્ટર-4માં સો ટકા પરિણામ આવ્યું

**આણંદ** | ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત સેન્ટ સ્ટીફન ઇન્સ્ટિટ્યૂટ, આણંદનું શૈક્ષણિક વર્ષ 2025-26ના બીસીએ સેમેસ્ટર-4નું પરિણામ 100% જાહેર થયું છે. યુનિવર્સિટીના ટોપ-10માં સંસ્થાના 6 વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે, જેમાં નીલ મેકવાને 9.36 GPA સાથે ચોથું સ્થાન પ્રાપ્ત કરીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત આમેના વોહરા, ઈકરાએન વોહરા, યશકુમાર પટેલીયા અને આયશા વોરાએ પણ યુનિવર્સિટી સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ટોપ-10માં સ્થાન મેળવ્યું છે. આ ઝળહળતી સફળતા બદલ સંસ્થાના ચેરમેન વોલેસ ક્રિશ્ચિયન, ડાયરેક્ટર જતીન પઢિયાર અને આચાર્ય ડો. અવની દવેએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.



### આણંદની અલ્પેશ એન પટેલ પી. જી. ઈન્સ્ટી. ઓફ સાયન્સ એન્ડ રીસર્ચના વિદ્યાર્થી ઝળક્યાં

**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સીટી દ્વારા એપ્રિલ- ૨૦૨૬માં યોજાયેલી એમ.એસ.સી (બાયોટેકનોલોજી) વિષયની પરીક્ષામાં અલ્પેશ એન પટેલ પી. જી. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદ, બાયોટેકનોલોજીમાં ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થી જૈનિશકુમાર પટેલે યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત અયાન રાણાએ (કોલેજમાં બીજા), ખુશી પટેલ (કોલેજમાં ત્રીજા) ક્રમે ઉતીર્ણ થયાં હતાં. આ વર્ષે યુનિવર્સીટી એમ. એસ. સી (બાયોટેકનોલોજી) વિષયની પરીક્ષાના પરિણામમાં પ્રથમ દસ સ્થાને આવેલા કુલ બાર વિદ્યાર્થીઓમાં અલ્પેશ એન પટેલ પી. જી. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચના આઠ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરીને યુનિવર્સીટી અને કોલેજ અને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. આ સિદ્ધિ બદલ ચેરમેન નિરવકુમાર એન. પટેલ અને મંત્રી કેતનકુમાર. પી. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.